Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 12
Name : ______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 20/05/2020
Marks : 50
Roll No. : ___________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 05)

1. $35/28$
   નું અતિસંક્ષિપ્ત રૂપ ....... છે.
   A.
   $5/7$
   B.
   $5/4$
   C.
   $7/4$
   D.
   $4/7$
2. એકાત્મક પદ્ધતિનું બીજું નામ શું છે ?
   A. યુનિટરી મેથડ B. પ્રમાણ C. ગુણોત્તર . D. એક પણ નહિ
3. 30 પેન સુરેશ અને મહેશ વચ્ચે 2:3 ના પ્રમાણમાં વહેચતાં મહેશને ........ પેન મળે.
   A. 12 B. 18 C. 15 D. 30
4. $100/75$
   નું અતિસંક્ષિપ્ત સ્વરૂપ શું થાય ?
   A.
   $4/3$
   B.
   $1/4$
   C.
   $2/1$
   D.
   $3/4$
5. 3, .........., 9, 12 પ્રમાણમાં છે.
   A. 3 B. 4 C. 8 D. 16
6. ......... પ્રમાણમાં છે.
   A. 2:3::4:6 B. 2:5::3:10 C. 2:3::5:10 D. 3:7::7:3
7. 18 છોકરાઓ અને 24 છોકરાઓનો ગુણોત્તર ........ છે.
   A. 4:3 B. 3:4 C. 6:8 D. 8:6
8. $x/8 = 3/2$
   હોય, તો x = .............
   A. 16 B. 14 C. 12 D. 10
9. .......... ગુણોત્તર સમાન ગુણોત્તર છે.
   A. 2 : 5 અને 5: 2 B. 3:4 અને 4:3 C. 5: 7 અને 7 : 5 D. 2 : 3 અને 20: 30
10. 75 પૈસા અને 1 રૂપિયાનો ગુણોતર ......... છે.
    A. 4:3 B. 3:4 C. 75:1 D. 1:75

➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો (Marks - 05)

11. એક સંખ્યાં બીજી સંખ્યા કરતાં કેટલા ગણી છે કે કેટલામા ભાગની છે તે દર્શાવતી સંખ્યાને .......... કહેવાય.

BHAVDIP VADHER (E-LEARNING)

12. 20/28
નું અતિસંક્ષિપ્ત સ્વરૂપ ....... છે.(
3/4, 5/7, 4/7
)

13. 12 લિટર અને 9 લિટરનો ગુણોત્તર .......... છે. (3:4,
4/3
,
3/4
)

14. 8 કિગ્રા અને 20 કિગ્રાનો ગુણોત્તર ......... છે.

15. ગુણોત્તર દર્શાવવા માટે બંને માપમાંથી એક પણ માપ .......... ન હોવું જોઈએ.

16. રૂ. 40,000 અને રૂ. 1,00,000 નો ગુણોતર .......... છે.

17. 2 : 3ને સમાન ગુણોત્તર .......... છે. (3:2, 2:5, 4:6)

18. રૂ. 60ને કનુ અને મનુ વચ્ચે 1: 2ના પ્રમાણમાં વહેંચતાં મનુને રૂ. .......... મળે. (20, 60, 40)

19. 40 એ 8ના .......... ગણા છે. (4, 5, 6)

20. 3 : x :: 15 : 20 એ પ્રમાણમાં છે, તો X = ........

**➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 05)**

21. ખરું છે કે ખોટું તે કહો.16 : 24 : : 20 : 30

22. 3:4::x:2 હોય, તો x = 3 હોય.

23. પિતાની ઉંમર અને પુત્રની ઉંમરનો ગુણોત્તર 2:7 ન હોઈ શકે.

24. પ્રમાણમાં પહેલી અને ચોથી સંખ્યાના ગુણાકાર એ બીજી અને ત્રીજી સંખ્યાઓના ગુણાકાર જેટલો હોય છે.

25. ખરું છે કે ખોટું તે કહો. --> 45 કિમી : 60 કિમી = 12 કલાક : 15 કલાક

26. ખરું છે કે ખોટું તે કહો. --> 40 વ્યક્તિ : 200 વ્યક્તિ = રૂ. 15 : રૂ. 75

27. ખરું છે કે ખોટું તે કહો.8 : 9 : : 24 : 27


28. 4 રૂપિયા અને 50 પૈસાનો ગુણોત્તર 8: 1 છે.

29. 18 કિગ્રા : 27 કિગ્રા = 22 કિગ્રા : 33 કિગ્રા

30. ખરું છે કે ખોટું તે કહો. --> 7.5 લિટર : 15 લિટર = 5 કિગ્રા : 10 કિગ્રા

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 15)**

31. નીચેની આકૃતિ પરથી ગુણોત્તર શોધો :
(a) લંબચોરસની અંદર આવેલા ત્રિકોણની સંખ્યા અને વર્તુળની સંખ્યાનો
(b) લંબચોરસની અંદર આવેલા ચોરસની સંખ્યા અને કુલ આકારની સંખ્યાનો
(c) લંબચોરસની અંદર આવેલા વર્તુળની સંખ્યા અને કુલ આકારની સંખ્યાનો



32. એક સભાખંડની પહોળાઈ અને લંબાઈનો ગુણોત્તર 2 : 5 છે. હૉલની આપેલ પહોળાઈ અને લંબાઈના આધારે નીચેના કોષ્ટકમાં x અને y ની કિમત મેળવો :

| | | | |
|---|---|---|---|
| સભાખંડની પહોળાઈ (મીટરમાં) (x) | 10 | - | 40 |
| સભાખંડની લંબાઈ (મીટરમાં) (y) | 25 | 50 | - |

BHAVDIP VADHER (E-LEARNING)

33. આપેલું કોષ્ટક વાંચી આપેલ બોક્સને પૂરો :

| સમય | કરણે કાપેલું અંતર | ક્રિતિએ કાપેલું અંતર |
|---|---|---|
| 2 કલાક | 8 કિમી | 6 કિમી |
| 1 કલાક | 4 કિમી | -------- |
| 4 કલાક | ---------- | ------- |

## SECTION - B

➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ) **(Marks - 20)**

34. પિતાની હાલની ઉંમર 42 વર્ષ છે અને તેના પુત્રની ઉંમર 14 વર્ષ છે. નીચેના ગુણોત્તર શોધો. (a) પિતાની હાલની ઉંમર અને પુત્રની હાલની ઉંમરનો (b) જો પુત્ર 12 વર્ષનો હોય, તો પિતાની ઉંમર અને પુત્રની ઉંમરનો (c) 10 વર્ષ પછી પિતા અને પુત્રની ઉંમરનો (d) પિતા 30 વર્ષના હતા, ત્યારે પિતા અને પુત્રની ઉંમરનો
35. શાળાના 1800 વિદ્યાર્થીઓમાંથી 750 વિદ્યાર્થીઓએ બાસ્કેટબૉલ, 800 વિદ્યાર્થીઓએ ક્રિકેટ અને વિદ્યાર્થીઓએ ટેબલ ટેનિસની રમત પસંદ કરી, જો દરેક વિદ્યાર્થીએ માત્ર એક જ રમત પસંદ કરી હોય, તો (a) બાસ્કેટબૉલ પસંદ કરનાર વિદ્યાર્થીઓ અને ટેનિસ પસંદ કરનાર વિદ્યાર્થીઓનો ગુણોત્તર શોધો. (b) ક્રિકેટ પસંદ કરનાર વિદ્યાર્થીઓ અને બાસ્કેટબૉલ પસંદ કરનાર વિદ્યાર્થીઓનો ગુણોત્તર શોધો. (c) બાસ્કેટબૉલ પસંદ કરનાર વિદ્યાર્થીઓ અને કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનો ગુણોત્તર શોધો.
36. એક કૉલેજના 4320 વિદ્યાર્થીઓમાંથી 2300 છોકરીઓ છે, તો (a) છોકરીઓની સંખ્યા અને કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનો ગુણોત્તર શોધો. (b) છોકરાઓની સંખ્યા અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર શોધો. (c) છોકરાઓની સંખ્યા અને કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનો ગુણોત્તર શોધો.
37. એક વર્ષમાં સીમા રૂ. 1,50,000 કમાય છે અને રૂ. 50,000 બચત કરે છે, તો (a) સીમા કમાય છે તે રકમ અને તે બચત કરે છે તે રકમનો ગુણોત્તર શોધો. (b) તેણે બચાવેલ રકમ અને તેણે ખર્ચ કરેલ રકમનો ગુણોત્તર શોધો.
38. એક માતા પોતાની બે દીકરીઓ શ્રેયા અને ભૂમિકા વચ્ચે રૂ. 36 તેમની ઉંમરના ગુણોત્તરને આધારે વહેંચવા માંગે છે. જો શ્રેયાની ઉંમર 15 વર્ષ અને ભૂમિકાની ઉંમર 12 વર્ષ છે, તો ભૂમિકા અને શ્રેયાને કેટલા રૂપિયા મળશે ?
39. 5 કિગ્રા ઘઉની કિંમત રૂ. 30.50 છે.તો (a) 8 કિગ્રા ઘઉની કિંમત શોધો. (b) રૂ. 61માં કેટલા કિલોગ્રામ ઘઉં મળશે ?
40. નીચેનાં સમીકરણોમાં x, y અને z ની કિંમત શોધો :
$15/18 = x/6 = 10/y = z/30$
41. એક ટ્રક 100 કિમી અંતર
$31/2$
કલાકમાં કાપે છે. આ જ ઝડપે 45 કિમી અંતર કાપવા કેટલા સમયની જરૂર પડે ?
42. એક ટ્રકને 594 કિમી અંતર કાપવા માટે 108 લિટર ડીઝલની જરૂર પડે છે, તો 1650 કિમી અંતર કાપવા માટે તેને કેટલા લિટર ડીઝલની જરૂર પડશે ?
43. આપેલા ગુણોતરો પ્રમાણમા છે કે નહીં તે નક્કી કરો. જો ગુણોતર પ્રમાણમા હોય, તો તેના મધ્યમ પદ અને અંતિમ પદ લખો -- > 200મિલી : 2.5 લિટર અને રૂ. 4 : રૂ. 50
44. 32, 48, 70, 210 સંખ્યાઓ પ્રમાણમાં છે કે નહીં તે ગણતરી કરી નક્કી કરો. અને પ્રમાણમા હોય તો લખો.
45. 4 : 12 અને 9 : 27 આપેલા ગુણોત્તરો સરખા છે. એટલે કે તે પ્રમાણમાં છે. જો હા, તો તેમને યોગ્ય રીતે લખો :
46. વર્ગના 30 વિદ્યાર્થીઓમાંથી 6ને ફૂટબૉલ, 12 ને ક્રિકેટ અને બાકીનાને ટેનિસ ગમે છે, તો નીચેના ગુણોત્તર શોધો. (a) ફૂટબૉલ ગમે છે તેવા વિદ્યાર્થીઓની સંખ્યા અને ટેનિસ ગમે છે તેવા વિદ્યાર્થીઓની સંખ્યાનો (b) ક્રિકેટ ગમે છે તેવા વિદ્યાર્થીઓની સંખ્યા અને કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનો
47. એક વર્ગમાં 20 છોકરીઓ અને 15 છોકરાઓ છે. (a) છોકરીઓની સંખ્યા અને છોકરાઓની સંખ્યાનો ગુણોત્તર કેટલો છે ? (b) છોકરીઓ અને વર્ગના કુલ વિદ્યાર્થીઓનો ગુણોત્તર કેટલો હશે ?

BHAVDIP VADHER (E-LEARNING)

48. એક પેન્સિલની કિંમત 3 રૂપિયા છે અને એક રબરની કિંમત 50 પૈસા છે, તો પેન્સિલ અને રબરની કિંમતનો ગુણોત્તર શોધો.
49. જો 12 ચૉકલેટની કિંમત રૂ. 24 હોય, તો એક ચૉકલેટની કિંમત કેટલી થાય ?
50. છેલ્લા 3 દિવસમાં 276 મિમી વરસાદ પડયો, તો આખા અઠવાડિયા દરમિયાન (7 દિવસમાં ) કેટલો વરસાદ પડયો હશે ? (વરસાદ એકસરખા દરે પડે છે તેમ ધારો.)
51. એક ડઝન પેનની કિંમત 180 રૂપિયા અને 8 બૉલપેનની કિંમત રૂ. 56 છે. પેન અને બૉલપેનની કિંમતનો ગુણોત્તર શોધો.
52. હમીદ અને અખ્તર અનુક્રમે 1 કલાકમાં 9 કિમી અને 12 કિમી અંતર કાપે છે. હમીદની ઝડપ અને અખ્તરની ઝડપનો ગુણોત્તર શોધો.
53. ઘરેથી શાળાએ પહોંચવા માટે સૌરભ 15 મિનિટ લે છે, જ્યારે ઘરેથી શાળાએ પહોંચવા સચીન એક કલાક લે છે. સૌરભે લીધેલા સમયનો અને સચીને લીધેલા સમયનો ગુણોત્તર શોધો.

**Best Of Luck**

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 12

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 20/05/2020
Marks : 50

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. $5/4$
2. યુનિટરી મેથડ
3. 18
4. $4/3$
5. 4
6. 2:3::4:6
7. 3:4
8. 12
9. 2 : 3 અને 20: 30
10. 3:4

**➽ નીચેના વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

11. ગુણોતર
12. $5/7$
13. $4/3$
14. 2:5
15. શૂન્ય
16. 2:5
17. 4:6
18. 40
19. 5
20. 4

**➽ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

21. ખરું (True)
22. ખોટું (False)
23. ખરું (True)
24. ખરું (True)
25. ખોટું (False)
26. ખરું (True)
27. ખરું (True)
28. ખરું (True)
29. ખરું (True)
30. ખરું (True)

BHAVDIP VADHER (E-LEARNING)

➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો (Marks - 15)

31. કુલ આકારની સંખ્યા = 7 (a) ગુણોત્તર = 3 : 2 (b) ગુણોત્તર = 2 : 7 (c) ગુણોત્તર = 2 : 7

32. x = 20; y = 100

| સભાખંડની પહોળાઈ (મીટરમાં) | 10 | **20** | 40 |
|---|---|---|---|
| સભાખંડની લંબાઈ (મીટરમાં) | 25 | 50 | **100** |

33.

| સમય | કરણે કાપેલું અંતર | ક્રિતિએ કાપેલું અંતર |
|---|---|---|
| 2 કલાક | 8 કિમી | 6 કિમી |
| 1 કલાક | 4 કિમી | 3 કિમી |
| 4 કલાક | 16 કિમી | 12 કિમી |

**SECTION - B**

➽ નીચેના દાખલા ગણો (દરેકના એક એક ગુણ) (Marks - 20)

34. (a) ગુણોત્તર = 3 : 1 (b) ગુણોત્તર = 10 : 3 (c) ગુણોત્તર = 13 : 6 (d) ગુણોત્તર = 15 : 1

35. ટેબલ ટેનિસ પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા = 250; (a) ગુણોત્તર = 3 : 1 (b) ગુણોત્તર = 16 : 15 (c) ગુણોત્તર = 5: 12

36. છોકરાઓની સંખ્યા = 2020 ; (a) ગુણોત્તર = 115 : 216; (b) ગુણોત્તર = 101 : 115; (c) ગુણોત્તર = 101 : 216

37. સીમા કમાય છે તે રકમ = રૂ. 1,50,000; સીમા બચત કરે છે તે રકમ = રૂ. 50,000; (a) ગુણોત્તર = 3 : 1; (b) ગુણોત્તર = 1 : 2

38. શ્રેયાનો હિસ્સો = 20 રૂપિયા; ભૂમિકાનો હિસ્સો = 16 રૂપિયા

39. 1 કિગ્રા ઘઉંની કિંમત રૂ. 6.10 (a) 8 કિગ્રા ઘઉંની કિંમત રૂ. 48.80 થાય. (b) રૂ. 61માં 10 કિલોગ્રામ ઘઉં મળશે.

40. x = 5; y = 12; z = 25

41. 45 કિમી અંતર 94.50 મિનિટમાં કપાશે.

42. 1650 કિમી અંતર કાપવા જરૂરી ડીઝલ = 300 લિટર

43. બંને ગુણોતર સરખા છે અને પ્રમાણમાં છે. મધ્યમ પદ 2.5 લિટર અને રૂ. 4; અંતિમ પદ 200 મિલી અને રૂ. 50 છે.

44. 2 : 3 ≠ 1 : 3
આથી, 32, 48, 70, 210 પ્રમાણમાં નથી.

45. હા, 4 : 12 : : 9 : 27 લખાય.

46. ટેનિસ ગમતા વિદ્યાર્થીની સંખ્યા = 12 (a) ગુણોત્તર = 1 : 2 (b) ગુણોત્તર = 2 : 5

47. વર્ગમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા = 35 ( a) ગુણોત્તર = 4 : 3 (b) ગુણોત્તર = 4 : 7

48. પેન્સિલ અને રબરની કિંમતનો ગુણોત્તર 6 : 1

49. 1 ચોકલેટની કિંમત રૂ. 2 થાય,

50. આખા અઠવાડિયા દરમિયાન 644 મિમી વરસાદ પડયો હતો.

51. ગુણોત્તર = 15 : 7

52. ગુણોત્તર = 3 : 4

53. ગુણોત્તર = 1 : 4

BHAVDIP VADHER (E-LEARNING)